₹ ૨૦/-

## શ્રી અરવિન્દની કાવ્યસૃષ્ટિ

# પ્રભુ અર્પણ

જાન્યુઆરી – ૨૦૨૩

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

**Matter shall reveal the Spirit's face**

*Sri Aurobindo*

## A SAVITRI ACRONYM

| | | |
|---|---|---|
| S | = | SRI |
| A | = | AUROBINDO'S |
| V | = | VISION |
| I | = | IN SUPRAMENTAL |
| T | = | TRUTH |
| R | = | REVEALED |
| I | = | INTEGRALLY |

## ‘સાવિત્રી પ્રદ્યોતિત ગ્રંથ... ચેતનાસભર ગ્રંથ.’

‘સાવિત્રી’ એક શ્રુતિ છે, એક ધ્યાન છે. તે અનંતની શાશ્વતીની એક ખોજ છે. જો એનું વાચન અમરતાની આવી અભીપ્સાથી કરવામાં આવે, તો માત્ર વાચન અમરતાનું માર્ગદર્શન કરાવશે. ‘સાવિત્રી’નું વાચન એટલે યોગનો અભ્યાસ, આધ્યાત્મિક એકાગ્રતા. દિવ્ય તત્ત્વને પામવા જે કાંઈ જરૂરી છે એ બધું ત્યાં મળશે....

‘સાવિત્રી’ની પંક્તિએ પંક્તિ મંત્ર છે, માનવે જ્ઞાનને માર્ગે જે કાંઈ પોતાનું કરી લીધું છે તે સર્વના કરતાં ચડી જાય એવું છે. અને ફરી પાછું જણાવું છું કે તેના શબ્દો એવી રીતે અભિવ્યક્તિ પામ્યા છે, ગ્રંથાયા છે કે તેના લયનું ગુંજન દર્શનના મૂળ ઉચ્ચાર ઓમ્ પ્રતિ દોરી જાય છે.

શ્રી માતાજી

(મોના સરકાર સાથેના વાર્તાલાપમાંથી)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જાન્યુઆરી – ૨૦૨૩ વર્ષ : ૦૯ અંક : ૦૧

# ભવિષ્યકથનકારક શ્રી અરવિન્દનાં કાવ્યો

ગઈ સદીના પૂર્વાર્ધમાં માનવજાતિના પ્રક્ષોભ અને એની અંદર થયેલી ઉથલપાથલોમાં, એના વમળોમાં અને તોફાનોમાં ઉત્ક્રાંતિગત કટોકટી નૂતન સર્જનના બીજ ધારણ કરી રહી હતી તેનું દર્શન શ્રી અરવિન્દે કર્યું હતું. અને માનવજાતિ પોતાનું તેજસ્વી ભાવિ સિદ્ધ કરે એને માટે માનવજાતિની સહાય અર્થે શ્રી અરવિન્દે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું.

આ અંકમાં, શ્રી અરવિન્દને એમના ૧૫૦મી જન્મજયંતીના વર્ષમાં શ્રદ્ધાંજલિરૂપ એમનાં ભવિષ્યકથનકારક કાવ્યોમાંનાં અમુક કાવ્યો તદુપરાંત મહાકાવ્ય સાવિત્રીમાંથી તથા એમનાં લાંબાં કાવ્યોમાંથી અને એમનાં સોનેટસમાંથી પણ પસંદગીના ફકરાઓ અમે રજૂ કરી રહ્યાં છીએ.

***

શ્રી માતાજીએ અતિ સુંદર ટિપ્પણ કરતાં લખી જણાવ્યું છે :

શ્રી અરવિન્દ ભવિષ્ય સાથે સંકળાયેલા છે અને તેઓ ભવિષ્યના સંદેશવાહક છે. ઈશ્વરીય સંકલ્પ દ્વારા નિર્મિત સુંદર ભાવિને મૂર્ત્ત કરવાનું કાર્ય ઝડપી બનાવવા માટે કયા માર્ગનું અનુસરણ કરવું તેનું માર્ગદર્શન હજુ પણ તેઓ કરી રહ્યા છે.

માનવજાતિની પ્રગતિ માટે તેમ જ ભારતના ઉજ્જવળ ભાવિ માટે જેઓ સહકાર સાધવા માગતા હોય તેવા સૌ કોઈએ આ અલૌકિક અભીપ્સા અને ઉન્નત કાર્યમાં એક થઈ સહકાર સાધવો જોઈએ. (CWM 13 : 14)

*

*Bonne Année*
*blessings*

**૧૯૬૭**

**માનવો, દેશો, ભૂખંડો !**

**પસંદગી અનિવાર્ય છે :**

**સત્ય કે ખીણ**

**૧૯૬૭ ના નૂતન વર્ષના સંદેશમાં તમે કહો છો કે સત્ય અથવા ખીણ વચ્ચેની પસંદગી કરવાની છે. ખીણ તો આગળ મોં ફાડીને ઊભી હોય તેમ લાગે છે. તેમ છતાં એક એવી શ્રદ્ધા છે કે તેને માર્ગમાંથી હઠાવી લેવામાં આવશે.**

શ્રદ્ધા બિલકુલ યથાર્થ છે. જે લોકો નિદ્રાધીન છે અને જેમને તેમની નિંદ્રાથી સંતોષ છે તેના લોકો માટે આ સંદેશ છે.

*

**તમારા નૂતન વર્ષના સંદેશમાં ''ખીણ''નો શો અર્થ છે? અથવા બીજા શબ્દોમાં કહીએ તો સાધકે કઈ વસ્તુથી ડરવાનું છે?**

અત્યારે તો એક મહાન તંગ અવસ્થા છે. લોકો જાણે કે યુદ્ધ શરૂ કરવાની તૈયારીમાં હોય એવું લાગે છે. માણસો આંતરરાષ્ટ્રીય સંબંધોમાં અંધ આવેગોને અનુસરે છે.

આ બધી વસ્તુઓના પાયામાં એક બીક, સર્વસામાન્ય અવિશ્વાસ રહેલાં છે અને જે વસ્તુને તેઓ પોતાનો 'લાભ' માને છે (પૈસા, વેપાર વગેરે...) - તે આ ત્રણે વસ્તુઓનો સમન્વય છે. જ્યારે આ ત્રણ નિમ્ન કક્ષાના માનવ-આવેગો પૂર્ણ બહારમાં ખીલી ઊઠે છે ત્યારે હું તે વસ્તુને ''ખીણ'' કહું છું.

જ્યારે કોઈ વ્યક્તિ પ્રભુની શોધ માટે પોતાનું જીવન અર્પણ કરવાનો નિશ્ચય કરે છે ત્યારે જો તેના સંકલ્પમાં તે સાચદિલ હોય એટલે કે તેનો નિશ્ચય સચ્ચાઈપૂર્ણ હોય અને તેનો અમલ સચ્ચાઈથી કરે તો તેણે કોઈ પણ વસ્તુથી બિલકુલ ડર રાખવાની જરૂર નથી કારણ કે તેના માટે જે કાંઈ બને છે અથવા બનશે તે વસ્તુ આ સાક્ષાત્કાર પ્રત્યે દોરી જતો ટૂંકો માર્ગ હશે.

તે વસ્તુ જ પ્રભુકૃપાનો પ્રત્યુત્તર છે. લોકો એવી માન્યતા ધરાવે છે કે પ્રભુકૃપા તમારા સમગ્ર જીવન દરમિયાન દરેક વસ્તુને સફળ બનાવી દેશે. તે વસ્તુ સાચી નથી.

પ્રભુકૃપા તમારી અભીપ્સાના સાક્ષાત્કાર માટે કાર્ય કરે છે અને દરેક વસ્તુનું એ પ્રકારનું સંચાલન હોય છે કે તેનાથી તાત્કાલિક અને સૌથી ઝડપી રીતે સિદ્ધિ મળે એટલા માટે કોઈ પણ વસ્તુથી ડર રાખવાનું કારણ નથી.

બિનસચ્ચાઈની સાથે ભીતિ પ્રવેશ કરે છે. જો તમારે સહિસલામતીવાળું જીવન અને તમને પસંદ પડે તેવા સંજોગો જોઈતાં હોય તો તમે શરતો અને મર્યાદાઓ મૂકો છો અને તેથી તમે ડર રાખી શકો છો ! પરંતુ તે વસ્તુને સાધનામાં સ્થાન નથી.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૫ : ૧૪૭-૧૪૮)



## One Day

The Little More

One day, and all the half-dead is done,
One day, and all the unborn begun;
A little path and the great goal,
A touch that brings the divine whole.

Hill after hill was climbed and now,
Behold, the last tremendous brow
And the great rock that none has trod :
A step, and all is sky and God.

CWSA 2 : 542 Sri Aurobindo

## દિન એક

(જરા વધુ)

દિન એક વધુ અને બધું અધ-મૂવું થઈ ખત્મ હા જશે,
દિન એક વધુ અને બધું અણજાયું નિજ જન્મ પામશે.
પથ અલ્પ વટાવવો અને ત્યહીં લક્ષ્યની સિદ્ધિ છે મહા,
ત્યહીં સ્પર્શ સુલભ્ય તે ખડો, દઈ દે દિવ્ય સમગ્રને જે.

ચડિયાં શિખરો પછી શિખર, ત્યહીં દેખો અબ છેલ્લું શૃંગ તે,
ત્યહીં ચંડ કરાળ એ શિલા, ન જ્યહીં પદ માનવી પડ્યો.
ડગલું વધુ એક ને પછી બધું યે બધું આભ ને પ્રભુ.

(દક્ષિણા ૨ : ૫૪૫) અનુ. સુન્દરમ્

# ચંદ્રિકામાં

ઊઠે છે અમૃતાત્મા એ, પ્રભુએ જન્મ છે ગ્રહ્યા,
વિશ્વમાં વ્યાપતી આ જે ક્રાંતિઓ ઘોર, સર્વ તે
આછા આરંભ, છે છૂટ્યું વિષ્ણુ કેરું સુદર્શન,
ધસે એ વેગથી નીચે પૃથ્વીને વીંટવા અહીં.

પુરાણ તે સર્વ વિનષ્ટ હા થશે,
ભૂંસાઈ લુછાઈ અશેષ થૈ જશે,
અને પટા લોહતણા સમસ્ત જે
મનુષ્યને વીંટી ખડા, ખરી જશે.

મુક્તિ, ને પ્રભુ, તે ત્રીજું અમૃતત્વ : ત્રણે ય એ
વસ્તુ છે એક, ને અંતે ત્રણે સિદ્ધ જગે થશે.
પ્રેમ, જ્ઞાન અને ન્યાય, આનંદ, પરમં બલ,
કેવલા મુદમાં સર્વ એકત્ર થઈ રાજશે.

આવી રહ્યો છે દિન આખરે અહા,
ભાખેલ છે જેહ પુરા સમેથી,
પૅટમૉસમાં જે નિરખેલ જહૉને,*
સેવેલ હા જેહનું સ્વપ્ન શેલીએ,
મનાયલો વ્યર્થ તરંગ રૂપ જે -
આનંદની એ નગરી, સુવર્ણનો
આવી રહ્યો છે યુગ એ ધરા પટે.

સમાપ્યો કલિનો છે આ યુગ લોહતણો હવે,
રહ્યા છે મૃત્યુ શય્યાએ પોઢેલા ભૂતકાળના
આખરી આંચકા થોડા ઉગ્ર, એ ડોલવી જશે
જગનાં રાષ્ટ્રને કિંચિત્, અને શાંત પછી થશે.
અનિષ્ટો પૃથ્વીથી સર્વ જશે ધોવાઈ ને પછી
ઊઠશે ધરણી પાછી લલાટે શુભ્ર નિર્મળે.

---

* નોંધ : બાયબલમાં સેન્ટ જહૉનને ભાવિ જગતનું એક દર્શન થાય છે, પૅટમૉસ નામના સ્થળમાં, તેનો આ ઉલ્લેખ છે. બીજો ઉલ્લેખ શેલીની કૃતિઓમાં, ખાસ તો 'રિવોલ્ટ ઑફ ઈસ્લામ' માં આવતા ભાવિ દર્શન અંગે છે.

(૧૮૯૮ થી ૧૯૦૮ના ગાળામાં લખાયેલું.)

મનુષ્યનો આ પ્રગતિતણો ક્રમ :
લોખંડ કેરો કલિકાલ હા રચે
સુવર્ણ કેરા યુગનો શુભાગમ.
જેને અમો પાપ વદંત, વસ્તુ એ
વિકાસ પંથે મનુજે તજેલી
છે કાંચળી; એ સફરે અનંતની
સુકાન એના ગ્રહીને પ્રવાસનું
બેઠેલ છે ભીતર નાખુદા તે.

એ યાત્રાક્રમમાં પૂંઠે ત્યજતાં પાપ, માનવ
ક્રન્દતો ક્રોશતો, કાં કે પાપ ના એહને ત્યજે,
ત્યજાયું આવીને પાછું વળગે એ પુનઃ પુનઃ!
અને એ યાતના-અગ્નિ વિષે ઉગ્ર જલી જલી,
પામે છે માનવી વિશ્વે અધિકાધિક પાત્રતા :
વધુ માધુર્યને કાજે, અધિકી શક્તિ કારણે.

અને ચડે છે શુભની પ્રતિ મહા
વિરાટ પાંખે અહીં એમ માનવ,
આવેલ છે એ અહીં શાશ્વતી થકી,
આ મર્ત્ય ને પાર્થિવ આ ધરા વિષે
નિપાવવાને અમૃતત્વની ધરા,
એના ઉરે ચંડ અશાંતિ એની.

માનવી ભરશે દેહે અધિકાધિક આત્મને,
સ્થપાશે સ્વર્ગની આણ શ્રાન્ત કલાન્ત ધરા શિરે,
ને સનાતન સંકલ્પ પ્રભુનો દિવ્ય એહને
ગ્રસતો કરથી, એને નિજ આધાર અર્પતો
ર્‌હેશે ને મૃત્યુથી દિવ્ય જન્મમાં માનવી જશે.

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૪૯૫, ૪૯૭ ને ૪૯૯)

# દેવનું કર્મ

ઊંડાણ ને ટોચની મધ્ય આવ્યા
અખાત પે હા પુલ છે રચાયો
ને નીર સોનેરી વહી રહ્યાં છે
નીલાદ્રિના ઇન્દ્રધનુષ્ય મંડિત
અંગે થઈ, ને ચમકી રહ્યાં એ
બંને તટોને સભરા ભરંતાં.

પૃથ્વી તણા હાર્દને ભીતરે હા
અગ્નિ હવે સ્વર્ગ તણો જલ્યો છે,
અને અહીં મૃત્યુવિહીન સૂર્યો
બળી રહ્યા છે, સીમા વિષે
જન્મની એક અદ્‌ભુત
ચિરાડમાં થૈ કંઈ દેવતાઓ

સાક્ષાત્ રહ્યા ઝંખી જ જવાલ જેમ
આનંદ ને સત્યનું રાજ્ય સર્જવા :
તેજે ભર્યાં બાળક સ્વર્ગ કેરાં
સુનેરી રાતી સીડીએથી આવતાં
અંધારના અંતની ભેરી બાજતાં.

થોડું વધુ ને નવ જિન્દગીનાં
દ્વારો હવે રૌપ્ય પ્રકાશમાં હા
કોરાઈ જાશે, હશે જ એહને
તેજે ઝગંતું શિર છાપરું ને
હશે વળી આરસ કેરી ફર્શ
મહાન કોઈ જગમાં અકેલા પ્રકાશપૂર્ણ.

હું માહરાં સ્વપ્ન ધરીશ ત્યાંહીં
રૂપેરી એ એમની હા હવામાં,
સુનેરી ને નીલ સજી સુવસ્ત્ર
પૃથ્વી પરે સંચરી હા રહેશે
સદેહ ને સુંદર સત્ય તારું સજીવ પૂર્ણ.

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૫૪૧)

# રૂપાંતર

સ્ફુરંત મુજ શ્વાસ સૂક્ષ્મ લયબદ્ધ કો વ્હેણમાં;
ભરંત મુજ ઇન્દ્રિયોની મહીં દિવ્ય કો શક્તિ એ :
અનંત પ્રભુ પીધ મેં શું મદિરા મહા દૈત્યની.
બન્યો છ મુજ નાટ્ય કાળ - મુજ સ્વપ્ન સરકંત વા.

હવાં મુજ સુદીપ્ત કોષ બનિયા મુદાનું જ્વલત્
સુયોજન, અને બની પુલકપૂર્ણ શાખામયી
સમસ્ત મુજ નાડીઓ ધવલ સ્વચ્છ ન્હેરો સમી
પ્રવાહ રસ ઝીલવા પરમ ઈશ અજ્ઞાતનો.

હવે હું નહિ દેહનો વિવશ દાસ, હું ના હવે
ગુલામ પ્રકૃતિ તણો - જરઠ એહના રાજ્યનો;
હવે હું નહિ ઈન્દ્રિયોની લઘુ જાળ મધ્યે ફસ્યો.

અસીમ મુજ આત્મ વિસ્તરત કો મહા દષ્ટિમાં,
શરીર મુજ ઈશનું કરણ પ્રાણવંતું સુખી,
અને અમર જ્યોતિનો રવિ વિરાટ આત્મા મમ.

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૫૫૫)

# સુવર્ણ જ્યોતિ

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ મસ્તકે સંચરી,
અને ભુખર ઓરડા મન તણા રવિ-સ્પૃષ્ટ થૈ
નિગૂઢતમ જ્ઞાન-ભૂમિ પ્રતિ સાદ તેજસ્વી તે
રહ્યા દઈ, પ્રકાશ સ્વસ્થ, દ્યુતિ-જ્વાલ એ થૈ રહ્યા.

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ કંઠમાં સંચરી,
અને સકલ વાચ મારી અબ દિવ્ય થૈ રાગિણી,
બુલંદ જયગાન તારું બસ સૂર એનો હવે,
પ્રમત્ત મુજ શબ્દ તારી અમૃતા સુરાથી બન્યા.

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ હાર્દમાં સંચરી,
સજાવી ગઈ જિન્દગી મુજની શાશ્વતીથી તવ,
હવાં બની છ એહ મંદિર, નિવાસ એમાં તવ,
અને સકલ ઊર્મિ એની તવ માત્ર આરાધક.

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ પાયમાં સંચરી
હવાં મુજ ધરા તવૈવ રમણાંગણ – આસન.

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૩૫૧)

## પ્રભુ પુકારતા

અસિદ્ધ સહુમાં વસ્યા પ્રભુ પુકારતા આપણા.
પ્રસુપ્ત જગ એક ક્ષેત્ર વિધિનાં વિશાળાં વિષે.
અને ઝુમત પાંખ મૌનતણી રક્ષી એને રહી,
અશક્ય સહુ સૂક્ષ્મ સિદ્ધિ ત્યહીં પામતી આશ્રય.

રહ્યાં ઉઘડી કંપી કિંતુ ત્યહીં દ્વાર એ નીલુડાં,
પ્રકાશ અમ સ્વપ્નમગ્ન દગમાંહિ આવી ઢળે,
સુભવ્ય કંઈ દૈવ, દેવ મહતા અમોમાં રહ્યા,
અનેક મુખ હસ્ત સ્વર્ગથકી પાસ આવી રહ્યાં.

ઝગેલ અતિ આમ ઊર્ધ્વ અમમાંહિ તે હ્યાં વસ્યું;
અપ્રાપ્ત મુદ જેહ, હક્ક અમ જન્મતઃ ભાવિનો;
સુરૂપ અમ મંદ આત્મતણું પ્રેમ શો પ્રેરતું;
અનંત અમ વારસે રહી વિશાળતાઓ બધી.

અશક્ય સહુ જેહ, ભાવિતણી સિદ્ધિનું સૂચન,
રહ્યો મનુજ મર્ત્ય જેહ, અમૃતત્વનું દ્વાર એ.

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૪૬૩)

## વિકાસ ગતિ

હજી ન સહુ સિદ્ધ ઈશ-ફરમાનમાં જે લખ્યું!
રહ્યું છ મન એક આ મનથી પાર, જોવાનું તે,
સુમેળ અણકલ્પ્યથી સભર એક કો જીવન
સુગુપ્ત, રહ્યું રાહમાં – 'મનુ અજાત! લૈ લે મને.'

અચેત ધરતીતણા સહુ કઢંગ આરંભ ને
વનસ્પતિ તરુ વિષે સ્ફુરણ ચિત્તહીણાં બન્યાં
મનુષ્ય-મન-પીઠિકા, મનન દેવ શા જન્મનું
વિશાળ વિરચી દિયે જ અમ મર્ત્યતા-ઢાળને.

મનુષ્ય મતિ-શક્તિ પામી શરતી ન એવું બલ,
વિરાજ્યું ત્યહીં શાશ્વતે પરમ જ્ઞાન કો, કો મુદા
વ્યથા અમ મથામણોથી પર ર્‌હેતી – આ સર્વ હા
ધરા-નિગડ-બદ્ધ માનવનું ભાવિ નિર્માયલું.

ચડ્યો જડ શિલાથી ઊર્ધ્વ મનની લગી તું અહો,
અપ્રાપ્ય હજી શૃંગ અદ્‌ભુત રહેલ જે – ત્યાં વળ.

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૪૬૧)

## બૃહત્ યોજના

મને મધુ પુકાર ના વિવશ જિન્દગીના કરે,
ન હર્ષ રુજ, મોહિની ન લવ એહનાં હાસ્ય વા,
શમી સહુ ગઈ જ જાદુઈ સુરાવલી બંસીની,
શમ્યાં સકલ રૂપ, રંગ, લઘુજીવી સંહર્ષ સૌ.
સુણીશ મુજ આત્મની વિજન વિસ્તૃતિને વિષે
મહા શબદ જે ફુટે મનુજ ઓષ્ઠ મૂંગા યદા,
અહો, ચરમ શાશ્વતી અરવ મૌનથી જન્મિયા
પદાર્થ પરમોત્તમોની રસખાણ ઢૂંઢું હું તો.

વસી તરસ એક આત્મમહીં માનવીના અરે
તલો ઉપરના રસો ન છિપવી શકે એહને;
મનુષ્ય-મન-જિન્દગી : વિભવ-જ્ઞાન એમાં વસ્યાં
વિશાળતર વસ્તુનાં લઘુગતિ પુરોગામી સૌ,
વિરાટ નકશાની એક ગુંચવાઈ રેખાકૃતિ,
પુરોવચન ઈશના પરમ તે મહાકાવ્યનું.

૧૨-૯-૧૯૩૯ **અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૩૫૫)

**દર્શન**

**શ્રી અરવિન્દ**

# ભાગ – ૨

## (સાવિત્રી મહાકાવ્યમાંથી)

એક કરતાં વધુ રીતે જોતાં સાવિત્રી એ છે ભવિષ્યનું પુસ્તક. સૌ પ્રથમ એ છે શ્રી અરવિન્દના ભવિષ્ય વિશેના દર્શનનું મૂર્ત સ્વરૂપ. માનવ સમક્ષ જે કંઈ રજૂ થયું છે અને ઘણું બધું જે રજૂ થવાનું છે તે સર્વ એના સંપૂર્ણ સત્ત્વમાં અહીં પ્રકટ થયેલું છે. બીજું, અશ્વપતિ અને સાવિત્રીની અનુભૂતિઓના માધ્યમ દ્વારા ભવિષ્યની માનવજાતિએ જે માર્ગ અપનાવવો જોઈએ તે આપણને એ દર્શાવે છે. ભવિષ્યની માનવજાતિ કેવી અનુભૂતિઓ પ્રાપ્ત કરશે અને છેવટે દિવ્યતર આધારો પર મંડિત એવું માનવજાતિનું નૂતન જીવન કેવું હશે એનું દર્શન આ મહાકાવ્યમાં પ્રકટ થયેલું છે. માનવજાતિ જેમ જેમ ભવિષ્ય પ્રતિ આગળ વધતી જશે તેમ તેમ આ પુસ્તક વિશે વધુને વધુ સમજ પ્રાપ્ત કરતી જશે. આ વિભાગમાં સાવિત્રી મહાકાવ્યના પસંદ કરાયેલા અમુક ફકરાઓ રજૂ કરીએ છીએ જેમાં આવનારા ભવિષ્યનું દર્શન આપણને કરાવવામાં આવ્યું છે. આ ફકરાઓનું વાચન કરવું એટલે આશા અને ઉત્સાહ તથા આનંદથી સભર બની જવું. અને એમ થતાં માનવના અનિવાર્ય ભાવિ પરત્વેના માર્ગ ઉપર બમણી હિંમતપૂર્વક આપણે આગળ ડગલાં માંડી શકીએ. સાવિત્રીના ફકરાઓના ગુજરાતી અનુવાદો શ્રી પૂજાલાલના છે.

**God shall grow up**

Thus will the masked Transcendent mount his throne.
When darkness deepens strangling the earth's breast
And man's corporeal mind is the only lamp,
As a thief's in the night shall be the covert tread
Of one who steps unseen into his house.
A Voice ill-heard shall speak, the soul obey,
A Power into mind's inner chamber steal,
A charm and sweetness open life's closed doors
And beauty conquer the resisting world,
The Truth-Light capture Nature by surprise,
A stealth of God compel the heart to bliss
And earth grow unexpectedly divine.
In Matter shall be lit the spirit's glow,
In body and body kindled the sacred birth;
Night shall awake to the anthem of the stars,
The days become a happy pilgrim march,
Our will a force of the Eternal's power,
And thought the rays of a spiritual sun.

A few shall see what none yet understands;
God shall grow up while the wise men talk and sleep;
For man shall not know the coming till its hour
And belief shall be not till the work is done.

*Savitri : 55*

The vast majority of humanity is unconscious (what I call unconscious, that is, without contact with the Consciousness, not CONSCIOUSLY in contact with consciousness), the vast majority; but for one who is capable of being above circumstances with a clear and precise vision of the why and the how... it's wonderful.

There It's what Sri Aurobindo wrote in Savitri: God grows up on earth–God grows–but man... (laughing), the wise man talks and sleeps... and no one will notice it till the work is over. (Savitri, I.IV) That's how it is. And he knew it.

The Mother : Conversation with a Disciple, May 3, 1969

**પ્રભુ વૃદ્ધિંગત થશે**

**છદ્મવેશે છુપાયેલો પરમેશ પરાત્પર**
**થશે આરૂઢ આ રીતે સ્વસિંહાસનની પરે.**
**અંધારું ગાઢતા ધારે પૃથ્વીકેરા હૈયાને ગૂંગાળવતું,**
**દીપ રૂપે હોય માત્ર સ્થૂલ મન મનુષ્યનું,**
**તે વેળા રાતના ચોર જેમ સંતાઈ ચાલતો**
**એના ઘરમહીં એક અણદીઠ પ્રવેશશે.**
**સ્વલ્પ સુણાય એવો કો અવાજ એક બોલશે**
**અને આત્મા એને આધીન વર્તશે,**
**મનના અંતરાવાસે ચુપકીથી શક્તિ એક પ્રવેશશે,**
**દ્વારો જીવનનાં બંધ મોહિની ને એક માધુર્ય ખોલશે,**
**જીતી સુંદરતા લેશે જગ વાંધો ઉઠાવતું,**
**ઓચિંતી કબજે લેશે સૃષ્ટિને જ્યોતિ સત્વની,**
**પ્રભુ છૂપો પ્રવેશીને**
**બલાત્કારે મહાનંદ લેતું હૈયું બનાવશે,**
**ને પૃથ્વી અણધારેલી રીતે દિવ્ય બની જશે.**
**પેટાવશે અચિત્-તત્ત્વે બ્રહ્મજ્યોતિ, દેહમાં, બસ દેહમાં**
**પ્રાદુર્ભાવ પામવાની પવિત્ર જન્મની ક્રિયા,**
**પ્રબુદ્ધ બનશે રાત્રી તારાઓના સ્તોત્રસંગીતની પ્રતિ,**
**સુખે સંપન્ન યાત્રાનું દિવસો રૂપ ધારશે,**

સનાતનતણી શક્તિતણો અંશ થશે સંકલ્પ આપણો,
વિચાર આપણો જાશે બની રશ્મિ અધ્યાત્મ-સૂર્યમાળનું.
કોઈ હજુ સુધી જેને સમજે ના તેને થોડાક દેખશે;
ડાહ્યાઓ કરતા વાતો કે સૂતા જે સમે હશે
તે દરમ્યાનમાં દેવ વૃદ્ધિંગત થતો હશે;
કેમ કે ન ઘડી એની હશે આવેલ ત્યાં સુધી
ઉપસ્થિતિતણું જ્ઞાન માનવીને થશે નહીં,
ન કાર્ય પડશે પાર ત્યાં સુધી ના એમાં વિશ્વાસ બેસશે.

*

માનવજાતિનો મોટો ભાગ અભાન છે. (હું જેને અભાનતા કહું છું તે, ચેતના સાથે સંપર્ક ન હોવો તે, ચેતના સાથે સભાનપણે સંપર્કમાં ન હોવું તે.) મોટો ભાગ માનવજાતિનો આમ અભાન હોય છે. પણ જે વ્યક્તિ પાસે એવી ક્ષમતા હોય, ‘શા માટે?’ તથા ‘કેવી રીતે’ વિશેનું સ્પષ્ટ દર્શન હોય અને એ દર્શન સહિત સંજોગોથી ઉપર ઊઠવાની એની અંદર ક્ષમતા હોય...... એ અદ્‌ભુત છે !

ત્યાં, ‘સાવિત્રી’માં શ્રી અરવિન્દ આ જ વસ્તુ લખી જણાવે છે : પ્રભુ વૃદ્ધિંગત થાય છે, પણ મનુષ્ય (શ્રી માતાજી હસે છે) શાણા લોકો વાતો કરતા રહે છે, ઊંઘતા રહે છે. અને જ્યાં સુધી કાર્ય સંપન્ન થશે નહિ ત્યાં સુધી કોઈના ધ્યાનમાં એ આવવાનું નથી. તો પરિસ્થિતિ આમ છે, શ્રી અરવિન્દ એ જાણતા હતા.

The Mother : Conversation with a Disciple, May 3, 1969

**The Omnipotent's flaming pioneers**

I saw the Omnipotent's flaming pioneers
Over the heavenly verge which turns towards life
Come crowding down the amber stairs of birth;
Forerunners of a divine multitude,
Out of the paths of the morning star they came
Into the little room of mortal life.
I saw them cross the twilight of an age,
The sun-eyed children of a marvellous dawn,
The great creators with wide brows of calm,
The massive barrier-breakers of the world
And wrestlers with destiny in her lists of will,
The labourers in the quarries of the gods,
The messengers of the Incommunicable,
The architects of immortality.
Into the fallen human sphere they came,
Faces that wore the Immortal's glory still,

Voices that communed still with the thoughts of God,
Bodies made beautiful by the spirit's light,
Carrying the magic word, the mystic fire,
Carrying the Dionysian cup of joy,
Approaching eyes of a diviner man,
Lips chanting an unknown anthem of the soul,
Feet echoing in the corridors of Time.
High priests of wisdom, sweetness, might and bliss,
Discoverers of beauty's sunlit ways
And swimmers of Love's laughing fiery floods
And dancers within rapture's golden doors,
Their tread one day shall change the suffering earth
And justify the light on Nature's face.
Although Fate lingers in the high Beyond
And the work seems vain on which our heart's force was spent,
All shall be done for which our pain was borne.
Even as of old man came behind the beast
This high divine successor surely shall come
Behind man's inefficient mortal pace,
Behind his vain labour, sweat and blood and tears:
He shall know what mortal mind barely durst think,
He shall do what the heart of the mortal could not dare.
Inheritor of the toil of human time,
He shall take on him the burden of the gods;

*Savitri : 344*

**દેદીપ્યમાન સર્વસમર્થ અગ્રગામી**

**દેદીપ્યમાન મેં દીઠા અગ્રગામી સર્વસામર્થ્યવંતના,**
**વળતી જીવન પ્રત્યે તે કિનારી ઉપરે સ્વર્ગલોકની,**
**અંબરે નિર્મિતા સીડી જન્મની, તે પરે થઈ**
**તેઓ નીચે ટોળે ટોળે ઊતરી આવતા હતા;**
**દિવ્ય વૃન્દતણા અગ્રદૂત તેઓ પ્રભાત-તારકાતણા**
**પંથોમાંથી નીકળીને પ્રવેશતા**
**નાની શી કોટડીમાંહે મર્ત્યભાવી આપણી જિંદગીતણી.**
**જોયા મેં તેમને પાર કરતા યુગકાળની**
**ઝાંખી શી સાંધ્ય જ્યોતિને**
**સૂર્યચક્ષુ હતા તેઓ બાળકો કો ચમત્કારી ઉષાતણા,**
**હતા મહાન સ્રષ્ટાઓ,**
**વિશાળ તેમનાં ભાલે હતી શાંતિ વિરાજતી,**

વિશ્વકેરા મહાકાય બાધાબંધોતણા એ ભંજકો હતા,
હતા નિર્માણની સાથે કુસ્તીના કરનાર એ
ઇચ્છાકેરાં ઓં દંગલની મહીં,
મજૂરી કરનારાઓ હતા તેઓ ખાણોમાં દેવલોકની
અપ્રકાશ્યતણા તેઓ હતા સંદેશવાહકો,
હતા અમરતાકેરા તેઓ શિલ્પવિધાયકો.
આવ્યા 'તા તે માનવીના અધઃપતિત લોકમાં,
હજીય અમરાત્માની મહાદીપ્તિ તેમને વદને હતી,
પ્રભુકેરા વિચારોની સાથે સંબંધમાં હજી
અવાજો એમના હતા,
બ્રહ્મજ્યોતિવડે દેહો હતા સુંદર એમના,
લાવ્યા તેઓ હતા શબ્દ ચમત્કારી,
હતા લાવ્યા રહસ્યમય અગ્નિને,
પ્રમત્ત હર્ષનો પ્યાલો મદના દેવતાતણો
તેમના હાથમાં હતો,
સમીપે આવતા 'તા એ આંખો સામે વધુ દિવ્ય મનુષ્યની,
અજાણ્યું સ્તોત્ર આત્માનું ગવાતું 'તું એમના અધરો પરે,
કાળની પરસાળોમાં સુણાતો 'તો એમના પદનો ધ્વનિ.
જ્ઞાન, માધુર્ય, સામર્થ્ય અને પરમ શર્મના
હતા તેઓ ઉચ્ચકક્ષ પુરોહિતો,
આવિષ્કારક સૌન્દર્યકેરા સૂર્ય-પ્રભ પંથોતણા હતા,
તરવૈયા હતા પ્રેમકેરાં હાસ્ય કરતાં દીપ્ત પૂરના,
ને પ્રહર્ષણના સ્વર્ણ-દ્વારી નૃત્યગૃહના નર્તકો હતા,
એમને પગલે એક દિન દુઃખી દુનિયા પલટી જશે
ને ન્યાય્ય ઠરશે જ્યોતિ છે જે પ્રકૃતિને મુખે.
જોકે પારપાર ઊર્ધ્વે હજુયે છે ભાગ્ય વાર લગાડતું.
ને જેમાં શક્તિ હૈયાની આપણી ખરચાઈ છે
તે કાર્ય છે ગયું વ્યર્થ એવું જોકે જણાય છે,
છતાં યે આપણે જેને માટે દુઃખ સહેલ છે
તે સર્વે સિદ્ધિ પામશે.
પૂર્વે પશુ પછી જેમ માનવીનું આવાગમન છે થયું,
બરાબર થશે તેમ મર્ત્યકેરી અદક્ષા ગતિની પછી,
વૃથા શ્રમ, પસીનો ને રક્ત ને અશ્રુઓ પછી
ઉચ્ચ વારસ આ દિવ્ય અવશ્યમેવ આવશેઃ

જે વિચારવાની યે
માંડ માંડ હામ ભીડી શકે છે મન મર્ત્યનું
તું એ જ્ઞાન પામશે,
ને હૈયું મર્ત્યનું જેને માટે સાહસ ખેડવા
શક્તિમાન નથી, તેને એ કરી પાર પાડશે.
માનવી જિંદગીકિરા શ્રમનો વારસો લઈ
દેવોનો ભાર પોતાની પર એહ ઉપાડશે,

**Earth-born race**

"O Force-compelled, Fate-driven earth-born race,
O petty adventurers in an infinite world
And prisoners of a dwarf humanity,
How long will you tread the circling tracks of mind
Around your little self and petty things?
But not for a changeless littleness were you meant,
Not for vain repetition were you built;
Out of the Immortal's substance you were made;
Your actions can be swift revealing steps,
Your life a changeful mould for growing gods.
A Seer, a strong Creator, is within,
The immaculate Grandeur broods upon your days,
Almighty powers are shut in Nature's cells.
A greater destiny waits you in your front:
This transient earthly being if he wills
Can fit his acts to a transcendent scheme.
He who now stares at the world with ignorant eyes
Hardly from the Inconscient's night aroused,
That look at images and not at Truth,
Can fill those orbs with an immortal's sight.
Yet shall the godhead grow within your hearts,
You shall awake into the spirit's air
And feel the breaking walls of mortal mind
And hear the message which left life's heart dumb
And look through Nature with sun-gazing lids
And blow your conch-shells at the Eternal's gate.
Authors of earth's high change, to you it is given
To cross the dangerous spaces of the soul
And touch the mighty Mother stark awake
And meet the Omnipotent in this house of flesh
And make of life the million-bodied One.

The earth you tread is a border screened from heaven;
The life you lead conceals the light you are.

Savitri : 370

**દૈવથી હંકારાતી જગતી–જાયા**

''લોકો ઓ જગતી-જાયા! શક્તિકેરા દાબને વશ વર્તતા,
હંકારાયેલ દૈવથી,
શુદ્ર સાહસિકો ઓ હે! અનંત જગની મહીં,
બંદીવાન બનેલાઓ! વામણી મનુ-જાતિના,
ક્યાં સુધી ચાલતા રે'શો મનનાં ચક્કરોમહીં,
તમારી લઘુ જાતની
ને તુચ્છ વસ્તુઓકેરી આસપાસ ફર્યે જતા ?
પરંતુ પલટાયે ના એવી એક ક્ષુદ્રતામાં જ જીવવું
એ હતો નહિ ઉદ્દેશ તમારી જિંદગીતણો,
અમથી પુરાવૃત્તિ માટે ઘાટ ઘડાયો તમ ના હતો;
અમૃતાત્માતણા આદિ-દ્રવ્યમાંથી બનાવાયા હતા તમે;
શીઘ્ર આવિષ્કારકારી પગલાંઓ તમ કર્મો બની શકે,
વૃદ્ધિ પામંત દેવો માટે બીબું
બદલાતું બની જાય એવી છે તમ જિંદગી.
ભીતરે એક છે દ્રષ્ટા, સ્રષ્ટા એક સમર્થ છે,
વિશુદ્ધ મહિમા દિવ્ય કરે ચિંતા તમારા દિવસોતણી,
બંદી પ્રકૃતિના કોષોમહીં સર્વ શક્તિમાન બળો રહ્યાં.
તમારી સંમુખે વાટ તમ જોતું ભાવિ એક મહત્તરઃ
સંકલ્પ જો કરે સત્ત્વ આ અનિત્ય જાયેલું જગતીથકી
તો પોતાનાં કર્મે એ
સર્વોચ્ચ યોજના સાથે મેળમાં મેળવી શકે.
અત્યારે જે અજ્ઞ આંખે તાકે છે જગની પ્રતિ
ને અચિત્‌ની રાત્રિમાંથી જાગેલો માંડમાંડ છે,
જુએ છે પ્રતિબિંબોને ને જુએ નહિ સત્યને,
ને મનુષ્ય દૃષ્ટિથી અમરોતણી
એ આંખોને ભરી શકે.
તમારાં હૃદયોમધ્યે દેવતાત્મા તે છતાં વૃદ્ધિ પામશે.
બ્રહ્મકેરી હવામાંહે તમે પ્રબોધ પામશો,
ને તૂટી પડતી જોશો દીવાલો મર્ત્ય ચિત્તની,

મૂગું છોડ્યું હતું જેણે હૈયાને જિંદગીતણા
તે સંદેશો તમે સાંભળશો અને
જોશો પ્રકૃતિની પાર પોપચાંએ સૂર્ય પે મીટ માંડતાં,
ને સનાતનને દ્વારે શંખો તમ વગાડશો.
પ્રવર્તકો ધરાકેરા મહોચ્ચ પલટાતણા,
ચૈત્યાત્માનાં ભયે પૂર્ણ સ્થાનો સંક્રામવાતણું,
પૂર્ણ પ્રબુદ્ધ ઓજસ્વી માનો સ્પર્શ
પામવાનું કામ છે તમને મળ્યું,
તમારે મળવાનું છે દેહગેહમહીં સર્વસમર્થે,
કોટાનુકોટિ છે જેનાં અંગો એ એકરૂપનું
સ્વરૂપ સર્જવાનું છે તમારે જિંદગીમહીં.
જે પૃથ્વી પર ચાલો છો તમે તે તો માત્ર એક કિનાર છે,
એની ને સ્વર્ગની વચ્ચે પડદો એક છે પડ્યો,
જે જ્યોતિ છો તમે પોતે તેને રાખે સંતાડી તમ જિંદગી.

**Unknown Powers Emerge**

If in the meaningless Void creation rose,
If from a bodiless Force Matter was born,
If Life could climb in the unconscious tree,
Its green delight break into emerald leaves
And its laughter of beauty blossom in the flower,
If sense could wake in tissue, nerve and cell
And Thought seize the grey matter of the brain,
And soul peep from its secrecy through the flesh,
How shall the nameless Light not leap on men,
And unknown powers emerge from Nature's sleep?
Even now hints of a luminous Truth like stars
Arise in the mind-mooned splendour of Ignorance;
Even now the deathless Lover's touch we feel:
If the chamber's door is even a little ajar,
What then can hinder God from stealing in
Or who forbid his kiss on the sleeping soul?
Already God is near, the Truth is close:
Because the dark atheist body knows him not,
Must the sage deny the Light, the seer his soul?

*Savitri : 648-49*

Aseed shall be sown in Death's tremendous hour,
A branch of heaven transplant to human soil;
Nature shall overleap her mortal step;
Fate shall be changed by an unchanging will.
Savitri : 346

*

મુહૂર્તે મૃત્યુના ઘોર વવાશે એક બીજ, ને
માનવી ભોમમાં શાખા સ્વર્ગકેરી બની આરોપિતા જશે;
જશે પ્રકૃતિ ઓળંગી પોતા કેરું પગલું મર્ત્ય કૂદકે,
એક નિશ્ચલ સંકલ્પે પલટો ભાગ્ય પામશે.''

સૃષ્ટિ જો હો'  થઈ ઊભી અર્થરહિત શૂન્યથી,
અશરીરી શક્તિમાંથી જન્મ્યું જો જડદ્રવ્ય હો,
અચેત તરુએ ઊંચે આરોહી જો શક્યું જીવન હોય, ને
લીલમી પર્ણરૂપે જો હોય ફૂટી શક્યો આનંદ લીલમી,
ને ફૂલોમાં હોય ફૂલી શક્યું એનું હાસ્ય સુંદરતાતણું,
અને જો માંસપેશીમાં, શિરા ને જીવનકોષમાં
જાગી ઊઠી શકી સંવેદશીલતા,
ને ભૂરા દ્રવ્યને ભેજાતણા ઝાલી શક્યો હોય વિચાર જો,
ચૈત્ય ડોકી શક્યો હોય
માંસમાટી મધ્યમાંથી પોતાની ગુપ્તતાથકી,
તો અનામી જ્યોતિ મારી તરાપ માણસો પરે
શેં આવી શકશે નહીં,
અને પ્રકૃતિની નિદ્રાથકી અજ્ઞાત શક્તિઓ
પ્રકટી શકશે ન શેં?
દેદીપ્યમાન સત્યની
અત્યારે પણ ઊઠે છે સૂચનાઓ જાગી તારકના સમી
માનસી ચંદ્રિકાયુક્ત અવિદ્યાની પ્રભાવી પ્રતિભાથકી;
સ્પર્શ અમર પ્રેમીનો અત્યારેય આપણાથી લહાય છેઃ
જો જરા જેટલું દ્વાર ઉઘાડું થાય કક્ષનું,
તો રોકી શકશે કોણ છાનોમાનો પ્રવેશ પરમેશનો
કે સુપ્તાત્મા પરે એની ચૂમીકિરી
કરવાને મનાઈ કોણ છે ક્ષમ?
ક્યારેનોય સમીપે છે પ્રભુ, સત્ય ક્યારનુંય સમીપ છેઃ
ના એને ઓળખી કાઢે કાળો નાસ્તિક દેહ જો
તો તેથી નહિ સ્વીકારે જ્યોતિને જ્ઞાનવાન શું
ને શું દ્રષ્ટા નિજાત્માને નકારશે?

A mystic slow transfiguration works.
All our earth starts from mud and ends in sky,
And Love that was once an animal's desire,
Then a sweet madness in the rapturous heart,
An ardent comradeship in the happy mind,
Becomes a wide spiritual yearning's space.

A lonely soul passions for the Alone,
The heart that loved man thrills to the love of God,
A body is his chamber and his shrine.

Savitri: 632

રૂપાંતરતણું એક કાર્ય ગૂઢ પ્રકારે મંદ ચાલતું.
આપણી પૃથિવી આખી આરંભ પંકથી કરી
આકાશે અંત પામતી,
ને પ્રેમ જે હતો એકવાર પાશવ કામના
ને પછી હૃષ્ટ હૈયામાં હતો મધુ પ્રમત્તતા
ને સુખી મનમાં સાહચર્ય ઉત્સાહથી ભર્યું
તે આધ્યાત્મિક આકાંક્ષાકેરો જાય અવકાશ બની બૃહત્.
એકાકી જાય છે જીવ ભાવાવેશે ભર્યો કેવલની પ્રતિ,
મનુષ્ય પર છે પ્રેમ જે હૈયાનો તે હૈયું પ્રભુ-પ્રેમથી
પુલકો ધારતું બને,
એનો આવાસ છે દેહ ને એનું મંદિરેય છે.

**Love is the bright link**

For Love must soar beyond the very heavens
And find its secret sense ineffable;
It must change its human ways to ways divine,
Yet keep its sovereignty of earthly bliss.
O Death, not for my heart's sweet poignancy
Nor for my happy body's bliss alone
I have claimed from thee the living Satyavan,
But for his work and mine, our sacred charge.
Our lives are God's messengers beneath the stars;
To dwell under death's shadow they have come
Tempting God's light to earth for the ignorant race,
His love to fill the hollow in men's hearts,
His bliss to heal the unhappiness of the world.
For I, the woman, am the force of God,
He the Eternal's delegate soul in man.
My will is greater than thy law, O Death;
My love is stronger than the bonds of Fate:
Our love is the heavenly seal of the Supreme.

I guard that seal against thy rending hands.
Love must not cease to live upon the earth;
For Love is the bright link twixt earth and heaven,
Love is the far Transcendent's angel here;
Love is man's lien on the Absolute."

Savitri:633

કેમ કે ઊડવાનું છે પ્રેમે સાક્ષાત્ સ્વર્ગોની પારપારમાં
ને શોધી કાઢવાનો છે અનિર્વાચ્ય નિજોદ્દેશ છુપાયલો;
પલટી નાખવાની છે એણે એની રીતો માનવજાતની
રીતોમાં દિવ્યતાતણી,
ને તોય રાખવાનું છે રાજ્ય એનું સૃષ્ટિની સંમુદા પરે.
હે મૃત્યુદેવ! મેં મારા હૈયાકેરી મધુરી તીવ્રતાર્થ ના
કે ના મારા સુખી દેહકેરા મોદાર્થ માત્ર કૈં
માગ્યો છે તુજ પાસેથી કરી દાવો જીવતા સત્યવાનને,
પરંતુ જે અમોને છે ધર્મકાર્ય અપાયલું
તે તેના ને મારા કર્તવ્ય કારણે.
અમારાં જીવનો દૂતો પ્રભુના છે તારામંડળની તળે;
મૃત્યુની છાયની નીચે રહેવાને એમનું આવવું થયું
અજ્ઞાન લોકને માટે પ્રભુકેરા પ્રકાશને
પ્રલોભાવી લાવવા પૃથિવી પરે,
પોલાણ માનવોકેરાં હૃદયોનું ભરવા પ્રભુ-પ્રેમથી,
પ્રભુના પરમાનંદ વડે દુઃખ દુનિયાનું મટાડવા.
કેમ કે સ્ત્રી-સ્વરૂપા છું શક્તિ હું પરમેશની,
માનુષ્યે સત્યવાન છે
એકમાત્ર પ્રતિનિધિ સનાતન-સ્વરૂપનો.
તારા નિયમથી મારો, મૃત્યુદેવ! છે સંકલ્પ મહત્તર;
દૈવની શૃંખલાઓથી પ્રેમ મારો બલિષ્ઠ છેઃ
અમારો પ્રેમ સ્વર્ગીય સીલ છે પરમાત્મની.
તારા વિદારતા હસ્ત સામે રક્ષા હું એ સીલતણી કરું.
પૃથ્વી ઉપર પ્રેમે ના વસવાટ કરવો બંધ જોઈએ;
કેમ કે પ્રેમ છે શુભ્ર કડી ભૂને સ્વર્ગની સાથ સાંધતી,
દૂરસ્થ પરમાત્માનો પ્રેમ હ્યાં દેવદૂત છે.
પ્રેમ મનુષ્યકેરો છે સ્વાધિકાર કેવલ-બ્રહ્મની પરે.''

**Division Ceased to be**

He saw in Night the Eternal's shadowy veil,
Knew death for a cellar of the house of life,
In destruction felt creation's hasty pace,
Knew loss as the price of a celestial gain
And hell as a short cut to heaven's gates.
Then in Illusion's occult factory
And in the Inconscient's magic printing-house
Torn were the formats of the primal Night
And shattered the stereotypes of Ignorance.
Alive, breathing a deep spiritual breath,
Nature expunged her stiff mechanical code
And the articles of the bound soul's contract,
Falsehood gave back to Truth her tortured shape.
Annulled were the tables of the law of Pain,
And in their place grew luminous characters.
The skilful Penman's unseen finger wrote
His swift intuitive calligraphy;
Earth's forms were made his divine documents,
The wisdom embodied mind could not reveal,
Inconscience chased from the world's voiceless breast;
Transfigured were the fixed schemes of reasoning Thought.
Arousing consciousness in things inert,
He imposed upon dark atom and dumb mass
The diamond script of the Imperishable,
Inscribed on the dim heart of fallen things
A paean-song of the free Infinite
And the Name, foundation of eternity,
And traced on the awake exultant cells
In the ideographs of the Ineffable
The lyric of the love that waits through Time
And the mystic volume of the Book of Bliss
And the message of the superconscient Fire.

Savitri : 232

**શાશ્વતનો છાયારૂપી બુરખો**

**નિહાળ્યો રાત્રિમાં એણે છાયારૂપી બુરખો શાશ્વતાત્મનો,**
**ને જાણ્યું મૃત્યુને એણે જિંદગીના ગૃહનું એક ભોંયરું,**

નિહાળી નાશમાં એણે સૃષ્ટિની ઝડપી ગતિ,
સ્વર્ગીય લાભના મૂલ્ય રૂપ એણે નુકસાન નિહાળિયું,
અને નરકને ટૂંકા રસ્તા રૂપ સ્વર્ગ દ્વારે લઈ જતા.
માયાના ગૂઢ ને ભેદી કારખાનામહીં પછી
ને ચમત્કારથી પૂર્ણ અચિત્ ના મુદ્રણાલયે
આદ્ય રાત્રિતણા શીર્ણ ફરમાઓ થઈ ગયા,
ને અવિદ્યાતણી પાકી પત્રછાપો છિન્નભિન્ન થઈ ગઈ.
બની પ્રકૃતિ જીવંત, શ્વાસોચ્છ્‌વાસ ઊંડો અધ્યાત્મ સેવતી,
કાઢયા એણે કાયદાઓ યંત્ર જેમ અકડાઈ પ્રવર્તતા,
કલમોને કરી નાખી રદ બદ્ધ આત્માકેરા કરારની,
સમર્પી સત્યને દીધી જૂઠે પાછી પોતાની પીડિતાકૃતિ.
દુઃખના કાયદાકેરાં કોષ્ટકો રદ થૈ ગયાં,
ને સ્ફુર્યા તેમને સ્થાને પ્રભાએ પૂર્ણ અક્ષરો.
અણદીઠી અંગુલીએ પ્રવીણ લહિયાતણી
અંતઃપ્રેરિત આલેખ્યા લેખ એના ફૂટડા ઝડપે ભર્યા;
પૃથ્વી ઉપરનાં રૂપો દસ્તાવેજો એના દિવ્ય બની ગયાં,
મૂર્તિમંત થઈ પ્રજ્ઞા મન જેને કરી વ્યક્ત શકયું ન'તું,
અચિત્-તાને ભગાડાઈ વિશ્વકેરા નિઃશબ્દ ઉરમાંહ્યથી;
રૂપાંતર લભી પાકી પદ્ધતિઓ ઉહાપોહી વિચારની,
ચૈતન્યને પ્રબોધંતો નિશ્ચેષ્ટ વસ્તુઓમહીં,
અવિનાશી તણી હીર-લિપિ એણે
કાળા અણુ પરે લાદી, લાદી મૂક પિંડપુંજતણી પરે,
પતિતા વસ્તુઓકેરા ઝાંખા હૃદયની પરે
આલેખ્યું કોતરી એણે યશોગાન વિનિર્મુક્ત અનંતનું,
આલેખ્યું નામ તે છે જે પાયો શાશ્વતતાતણો,
જાગેલા હૃષ્ટ કોષોની પર એણે રેખાંકિત કર્યું વળી
અનિર્વાચ્યકેરા ચિત્રમયાક્ષરે
પ્રેમનું મધુરું ગાન વાટ જોઈ રહેલું કાળ-વિસ્તરે,
ને આલેખ્યો ગ્રંથ ગૂઢ પરમાનંદ પર્વનો
અને સંદેશ આલેખ્યો અતિચેતન અગ્નિનો.

**By Light we live and to the Light we go**
But Maya is a veil of the Absolute;

A Truth occult has made this mighty world:
The Eternal's wisdom and self-knowledge act
In ignorant Mind and in the body's steps.
The Inconscient is the Superconscient's sleep.
An unintelligible Intelligence
Invents creation's paradox profound;
Spiritual thought is crammed in Matter's forms,
Unseen it throws out a dumb energy
And works a miracle by a machine.
All here is a mystery of contraries:
Darkness a magic of self-hidden Light,
Suffering some secret rapture's tragic mask
And death an instrument of perpetual life.
Although Death walks beside us on Life's road,
A dim bystander at the body's start
And a last judgment on man's futile works,
Other is the riddle of its ambiguous face:
Death is a stair, a door, a stumbling stride
The soul must take to cross from birth to birth,
A grey defeat pregnant with victory,
A whip to lash us towards our deathless state.
The inconscient world is the spirit's self-made room,
Eternal Night shadow of eternal Day.
Night is not our beginning nor our end;
She is the dark Mother in whose womb we have hid
Safe from too swift a waking to world-pain.
We came to her from a supernal Light,
By Light we live and to the Light we go.

Savitri: 600-61

**આપણે પ્રકાશમાં જીવીએ છીએ, પ્રકાશ પ્રતિ જઈએ છીએ આપણે.**
અવગુંઠન છે કિન્તુ માયા કેવલરૂપનું,
નિગૂઢ એક સત્યે છે રચ્યું વિશ્વ વિશાળ આઃ
અજ્ઞાની મનમાંહે ને દેહનાં પગલાંમહીં
પ્રજ્ઞાન ને સ્વયંજ્ઞાન છે પ્રવૃત્ત સનાતન સ્વરૂપનાં.
અચિત્સ્વરૂપ છે નિદ્રા પરચેતન-આત્મની.

અબુદ્ધિગમ્ય બુદ્ધિએ
છે રચ્યો અતિદુર્બોધ વિરોધાભાસ સૃષ્ટિનો;
જડતત્ત્વતણાં રૂપોમહીં ઠાંસી ભરાયલો
આધ્યાત્મિક વિચાર છે,
અદીઠો બ્હાર ફેંકે છે એ એક મૂક શક્તિને
અને યંત્રતણા દ્વારા સાધે એક ચમત્કૃતિ.
અહીં છે તે બધું એક છે રહસ્ય ઊલટા ચાલનારનું:
અંધાર જાદુ છે એક સ્વયં-છન્ન પ્રકાશનો,
દુઃખ દુઃખદ છે મ્હોરું કો નિગૂઢ પ્રહર્ષનું
અને છે મૃતયુ ઓજાર નિત્યની જિંદગીતણું.
યમ જોકે રહ્યો ચાલી આપણી બાજુએ જીવનને પથે
દેહારંભેય અસ્પષ્ટ પાસે એ હોય છે ખડો,
મોઘ માનવ કર્મોને માથે અંત્ય આપદા એહ હોય છે,
છતાં છે કોયડો દૂજો એના સંદિગ્ધ મોંતણો:
મૃત્યુ છે એક સોપાન, દ્વાર એક, ડગ છે ઠોકરાયલું
આત્માએ ભરવાનું જે હોય છે એક જન્મથી
બીજા જન્મમહીં જવા,
જીતનો ધારતી ગર્ભ ધૂસરી એક હાર છે,
ચાબખો છે ચલાવી જે લઈ આપણને જતો
મૃત્યુમુક્ત અવસ્થાગમ આપણી.
અચિત્‌તણું જગત્ આત્માકેરી જાતે છે બનાવેલ કોટડી,
નિત્યના દિનની છાયા રૂપ છે રાત્રિ નિત્યની.
રાત્રિ ના આપણો આદિ, રાત્રિ ના અંત આપણો;
છે એ તમોમયી માતા જેને ગર્ભે છીએ છૂપેલ આપણે,
વિશ્વના દુઃખની સામે અતિશીઘ્ર જાગરાથી બચી જઈ.
સર્વોચ્ચ જ્યોતિમાંહેથી રાત્રિમધ્યે છીએ આવેલ આપણે,
જ્યોતિથી જીવીએ છીએ, જ્યોતિ પ્રત્યે જઈએ આપણે છીએ.

**Freedom is this**

Freedom is this with ever seated soul,
Large in life's limits, strong in Matter's knots,
Building great stuff of action from the worlds
To make fine wisdom from coarse, scattered strands

And love and beauty out of war and night,
The wager wonderful, the game divine.
What liberty has the soul which feels not free
Unless stripped bare and cannot kiss the bonds
The Lover winds around his playmate's limbs,
Choosing his tyranny, crushed in his embrace?
To seize him better with her boundless heart
She accepts the limiting circle of his arms,
Bows full of bliss beneath his mastering hands
And laughs in his rich constraints, most bound, most free.
This is my answer to thy lures, O Death."

**આ છે સ્વતંત્રતા**

**છે આ મુક્તિ સ્થિતપ્રજ્ઞ નિત્ય રે'નાર આત્મની,**
**સીમાઓમાં જિંદગીની સુવિશાળ,**
**ગ્રંથિઓમાં જડદ્રવ્યતણી બલી,**
**ભુવનોમાંહ્યથી કાર્ય-સામગ્રી સર્જતો બૃહત્,**
**સ્થૂળ સંકીર્ણ સેરોથી સૂક્ષ્મજ્ઞાન બનાવતો.**
**અને યુદ્ધ તથા રાત્રીમાંથી પ્રેમ ને સૌન્દર્ય બનાવતો,**
**છે અજાયબ આ હોડ, છે ક્રીડા દિવ્ય કોટિની.**
**આ કંઈ જાતનો મોક્ષ આત્માનો કે લે નહીં નગ્ન રૂપ એ**
**ત્યાં સુધી એ મુક્તિ અનુભવે નહીં,**
**ને લીલાના ગોઠિયાનાં અંગોની આસપાસમાં**
**પ્રેમી જે બંધનો નાખે તેને ચૂમી શકે ન જે,**
**કરે પસંદ ના એનો અત્યાચાર**
**અને આશ્લેષમાં એના કચડાઈ જવું ના જેહને ગમે ?**
**નિઃસીમ નિજ હૈયાથી ગ્રાહ લેવા વધુ રૂડા પ્રકારથી**
**સીમિત કરતા એના બાહુઓનું ચક્ર એ અપનાવતી,**
**વશમાં આણતા એની ભુજાના ભારની તળે**
**પરમાનંદથી પૂર્ણ બની એ લચકી પડે,**
**ને હસે વૈભવી એનાં નિયંત્રણતણી મહીં,**
**બદ્ધ સૌથી વધારે ત્યાં મુક્ત અધિક સર્વથી.**
**તારાં પ્રલોભનોને આ મારો ઉત્તર, મૃત્યુ હે!''**

O Mind, grow full of the eternal peace;
O Word, cry out the immortal litany:
Built is the golden tower, the flame-child born.
Savitri : 702

**મન હે ! શાશ્વતી શાંતિ વડે તું પરિપૂર્ણ થા;**
**શબ્દ હે ! અમર સ્તોત્રગાન માલા ગજાવતુંઃ**
**મિનારો હેમનો ઊભો થયો છે, છે જન્મ્યું બાલક જ્વાલાનું.**

**Superman is born**

When superman is born as Nature's king
His presence shall transfigure Matter's world:
He shall light up Truth's fire in Nature's night,
He shall lay upon the earth Truth's greater law;
Man too shall turn towards the Spirit's call.
Awake to his hidden possibility,
Awake to all that slept within his heart
And all that Nature meant when earth was formed
And the Spirit made this ignorant world his home,
He shall aspire to Truth and God and Bliss.
Interpreter of a diviner law
And instrument of a supreme design,
The higher kind shall lean to lift up man.
Man shall desire to climb to his own heights.
The truth above shall wake a nether truth,
Even the dumb earth become a sentient force.
The Spirit's tops and Nature's base shall draw
Near to the secret of their separate truth
And know each other as one deity.
The Spirit shall look out through Matter's gaze
And Matter shall reveal the Spirit's face.
Then man and superman shall be at one
And all the earth become a single life.

Savitri : 709

**અતિમાનસ પુરુષ જન્મ લેશે**

બની પ્રકૃતિનો રાજા જન્મ લેશે અતિમાનસપૂરુષ
ત્યારે સાન્નિધ્યથી એના
પલટાશે નવે રૂપે જડદ્રવ્યતણું જગત્ :
અગ્નિ એ સત્યનો દેશે પ્રકટાવી તમિસ્રામાં નિસર્ગની.
લાદશે એ ધરિત્રીની પર ધર્મ સત્યકેરો મહત્તર;
વળશે માનવી સુદ્ધાં આત્માના સાદની પ્રતિ,
જાગ્રત ગુપ્ત પોતામાં રહેલી શક્યતા પ્રતિ,
જે સુષુપ્ત સ્વ-હૈયામાં તે સર્વ પ્રતિ જાગ્રત,

ને રચાઈ ધરા જ્યારે
ને અજ્ઞ જગને જ્યારે અધિવાસ આત્માએ નિજનો કર્યો
ત્યારે પ્રકૃતિનો જે સૌ હતો અર્થ તેહની પ્રતિ જાગ્રત,
અભીપ્સતો રહેશે એ સત્ય માટે,
પ્રભુ ને પરમાનંદ માટે રે'શે અભીપ્સતો,
વ્યાખ્યાતા જે વધારે દિવ્ય ધર્મનો,
ને ઓજાર પરમોચ્ચ પ્રયોજને,
તે ઉચ્ચતર કોટીનો આત્મા એક
નમશે ઊર્ધ્વ ઉદ્ધારી લેવા માટે મનુષ્યને.
પોતાની તુંગતાઓની પ્રત્યે આરોહવા માનવ માગશે.
નિમ્નના સત્યને સત્ય ઊર્ધ્વનું અવબોધશે;
મૂક પૃથ્વીય ચૈતન્યવંતી શક્તિ બની જશે.
આત્માનાં શિખરો અને
પાયો પ્રકૃતિનો ગુપ્ત પૃથક્ નિજ રહસ્યની
સમીપે કરશે ગતિ
ને પરસ્પરને એક દેવતાને સ્વરૂપે અવબોધશે.
જડદ્રવ્યતણી દૃષ્ટિ દ્વારા આત્મા બહાર અવલોકશે
ને જડદ્રવ્ય આત્માના મુખને કરશે છતું.
એકભાવ પછી થાશે માનવી ને અતિમાનસ-માનવી
ને આખી પૃથિવી જાશે બની એકમાત્ર જીવન જીવતી.

**This earthly life become the life divine**
The frontiers of the Ignorance shall recede,
More and more souls shall enter into light,
Minds lit, inspired, the occult summoner hear
And lives blaze with a sudden inner flame
And hearts grow enamoured of divine delight
And human wills tune to the divine will,
These separate selves the Spirit's oneness feel,
These senses of heavenly sense grow capable,
The flesh and nerves of a strange ethereal joy
And mortal bodies of immortality.
A divine force shall flow through tissue and cell
And take the charge of breath and speech and act

And all the thoughts shall be a glow of suns
And every feeling a celestial thrill.
Often a lustrous inner dawn shall come
Lighting the chambers of the slumbering mind;
A sudden bliss shall run through every limb
And Nature with a mightier Presence fill.
Thus shall the earth open to divinity
And common natures feel the wide uplift,
Illumine common acts with the Spirit's ray
And meet the deity in common things.
Nature shall live to manifest secret God,
The Spirit shall take up the human play,
This earthly life become the life divine."

*

**પૃથ્વીનું જીવન દિવ્ય જીવન બનશે**

વળશે છટકી જાવા મર્ત્ય અજ્ઞાનમાંહ્યથી.
હદો અજ્ઞાનની પાછી હઠી જશે,
સંખ્યામાં વધતા જાતા જીવો જ્યોતે પ્રવેશશે,
ગૂઢ હોતાતણો સાદ સુણવાનાં દીપ્ત પ્રેરિત માનસો,
ઓચિંતી આંતર જ્વાળે જિંદગીઓ ભભૂકશે,
હૃદયો બનશે મુગ્ધ અનુરાગે દિવ્ય આનંદની પરે,
ઇચ્છા સાથે ઈશકેરી માનવેચ્છા તાલ ને મેળ સાધશે,
પૃથગ્-ભાવી સ્વરૂપો આ આત્માની એકતાતણી
પામશે અનુભૂતિઓ,
દિવ્ય સંવેદનાકેરી શક્તિ જાશે બની આ ઇન્દ્રિયોતણી,
માંસમાટી અને નાડીયંત્ર એક દિવ્ય અદ્‌ભુત હર્ષને
લહેવાને શક્તિમાન બની જશે,
ને દેહો મર્ત્ય સામર્થ્ય ધારશે અમૃતત્વનું.
સેન્દ્રિયતત્ત્વની જાળે અને કોશે
દિવ્ય એક શક્તિનો સ્રોત ચાલશે
ને શ્વાસોચ્છ્‌વાસ ને વાણી ને ક્રિયાનો કાર્યભાર ઉપાડશે
ને સર્વ ચિંતનો સૂર્યોનો પ્રકાશ બની જશે,
પ્રત્યેક લાગણી રોમહર્ષ દિવ્ય બની જશે,

વારે વારે વિભાવંતી ઉષા આંતર આવશે
ને સૂતા મનકેરાં એ સદનો અજવાળશે;
ઓચિંતી સંમુદા એક ધાવમાન થશે પ્રત્યેક અંગમાં
અને પ્રકૃતિને દેશે ભરી એક સાન્નિધ્યે શક્તિમત્તર.
આ પ્રકારે થશે ખુલ્લી પૃથિવી દિવ્યતા પ્રતિ
ને સામાન્ય સ્વભાવોયે સુવિશાળું ઊર્ધ્વ ઉત્થાન માણશે.
આત્માના રશ્મિએ કૃત્યો સામાન્ય અજવાળશે
ને ભેટો દેવતાકેરો પામશે એ સામાન્ય વસ્તુઓમહીં.
જગતી જીવશે ગુપ્ત પ્રભુને પ્રકટાવવા,
લઈ સ્વહસ્તમાં લેશે આત્મા લીલા મનુષ્યની,
જીવન પૃથિવીનું આ બનશે દિવ્ય જીવન.''

*

My will is greater than thy law, O Death;
My love is stronger than the bonds of Fate:
Our love is the heavenly seal of the Supreme.
I guard that seal against thy rending hands.
Love must not cease to live upon the earth;
For Love is the bright link twixt earth and heaven,
Love is the far Transcendent's angel here;
Love is man's lien on the Absolute."

તારા નિયમથી મારો, મૃત્યુદેવ! છે સંકલ્પ મહત્તર;
દૈવની શૃંખલાઓથી પ્રેમ મારો બલિષ્ઠ છેઃ
અમારો પ્રેમ સ્વર્ગીય સીલ છે પરમાત્મની.
તારા વિદારતા હસ્ત સામે રક્ષા હું એ સીલતણી કરું.
પૃથ્વી ઉપર પ્રેમે ના વસવાટ કરવો બંધ જોઈએ;
કેમ કે પ્રેમ છે શુભ્ર કડી ભૂને સ્વર્ગની સાથ સાંધતી,
દૂરસ્થ પરમાત્માનો પ્રેમ હ્યાં દેવદૂત છે.
પ્રેમ મનુષ્યકેરો છે સ્વાધિકાર કેવલ-બ્રહ્મની પરે.''

*

# The Hidden Plan

However long Night's hour, I will not dream
        That the small ego and the person's mask
Are all that God reveals in our life-scheme,
        The last result of Nature's cosmic task.
A greater Presence in her bosom works;
        Long it prepares its far epiphany:
Even in the stone and beast the godhead lurks,
        A bright Persona of eernity.

It shall burst out from the limit traced by Mind
        And make a witness of the prescient heart;
It shall reveal even in this inert blind
        Nature, long veiled in each inconscient part,

Fulfilling the occult magnificent plan,
The world-wide and immortal spirit in man.

CWSA 2 : 602        Sri Aurobindo

# નિગૂઢ યોજના

ભલે રજનીના સુદીર્ઘ પ્રહરો : ન સ્વપ્ને છતાં
વિચારું લઘુ આ અહં ચ અમ વેશ વ્યક્તિત્વનો
કરે પ્રગટ માત્ર ઈશ અમ જિન્દગી-ચક્રમાં,
ન એ પ્રકૃતિની વિરાટ કૃતિકેરું છેલ્લું ફલ.
અહો, પ્રકૃતિના ઉરે બૃહત તત્ત્વ કો સક્રિય,
લિયે પ્રકટનાર્થ રૂપ નિજ દીર્ઘ એ કાળ કૈંઃ
અરે કે પથરા વિષે પશુ વિષે ય છૂપ્યા પ્રભુ,
મહા ધ્યુતિલ રૂપ ત્યાં પુરુષ શાશ્વતીના વસ્યા.

મને વિરચી રેખ ભેદી બસ આવશે એ બહિર્,
અને પુરવજ્ઞાની આ હૃદયને કરે સાક્ષી એ,
અચેતન હરેક અંશમહિં ગુપ્ત કૈં કાલથી
વસ્યો જગવિશાળ એ અમૃત આત્મ આ માનવે
અહીં પ્રકૃતિ અંધ આ જડ વિષે ય પ્રાકટ્ય લે
સુસિદ્ધ કરશે જ ગૂઢ જગયોજના ભવ્ય હા!

૨૬-૭-૧૯૩૮
૨૧-૩-૧૯૪૪

**અનુ. સુન્દરમ્**

(દક્ષિણા-૨ પૃ. ૩૩૭)

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં તા. ૯, ૧૦ને ૧૧ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન 30 કલાક સળંગ સાવિત્રી મહાકાવ્યનું વાચન કરવામાં આવ્યું હતું. વાચનમાં ૧૫થી ૨૦ અભીપ્સુઓએ ભાગ લીધો હતો.

## નવાં પ્રકાશનો (અંગ્રેજી)

૧) **Sri Aurobindo's First Major Spiritual Experience - by Shraddhavan. Published by Savitri Bhavan Auroville.** શ્રી અરવિન્દને પ્રાપ્ત થયેલી નીરવ બ્રહ્મની અનુભૂતિની શતાબ્દી પ્રસંગે વર્ષ ૨૦૦૮ની ૭મી જાન્યુઆરીએ શ્રદ્ધાવાને કરેલી રજૂઆતને 30 પેજ ૧/૮ ડેમી સાઈઝ પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવી છે. સુંદર રજૂઆત. વાંચવાલાયક. પ્રકાશક પાસેથી મેળવી શકાય.

૨) **Epigrams in Savitri - with commentaries : M. P. Pandit : DIPTI PUBLICATIONS. First E. Book** અગાઉ પ્રકાશિત પુસ્તકની સંવર્ધિત વિસ્તૃત આવૃત્તિ : ભાષ્ય સહિત. ૧/૮ ડેમી સાઈઝ. પૃષ્ઠ સંખ્યા ૨૮૦. શ્રેષ્ઠ ગુણવત્તાવાળા કાગળ ઉપર સુંદર છાપકામ, રંગબેરંગી આવરણચિત્ર સહિત. કિંમત રૂા. ૩૪૦/-. શ્રી અરવિન્દ રચિત સાવિત્રી મહાકાવ્ય અર્થગર્ભ કાવ્યપંક્તિઓથી સભર છે. એક પંક્તિમાં ગહન સંદેશ અને ઊંડી પ્રજ્ઞા એમાં પ્રકટ થયેલી જોવા મળે છે. સાવિત્રી મહાકાવ્યના મર્મજ્ઞ શ્રી એમ.પી. પંડિતે એવી પંક્તિઓ સંકલિત કરી એના ભાષ્ય સહિત અભ્યાસી સાધકો માટે આ પુસ્તક તૈયાર કર્યું છે. પ્રાપ્તિસ્થાન **Dipti Publications Sri Aurobindo Ashram Pudducherey - 605002.**

૩) **SRI AUROBINDO AN INTIMATE BIOGRAPHY : M.P. Pandit : DIPTI PUBLICATIONS. Revised and enlarged edition: 2022. FIRST E Book.** શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે આ પુસ્તકની વિસ્તૃત આવૃત્તિ પ્રકાશક દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. ૧/૮ ડેમી સાઈઝ. પૃષ્ઠ સંખ્યા : ૪૩૦. ઉચ્ચ ગુણવત્તાવાળા ખૂબ જ સારા કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી ઉત્કૃષ્ટ આવરણ : કિંમત રૂા. ૬૦૦=૦૦. શ્રી અરવિન્દનું જીવન ચરિત્ર આલેખનાર પ્રત્યેક વ્યક્તિ આ વિષયમાં પાયાનું કાર્ય કરનાર શ્રી એ.બી. પુરાણીના ઋણી છે એમ પ્રારંભે જ સ્વીકારી શ્રી એમ. પી. પંડિત જણાવે છે: **'.....Human side of Sri Aurobindo that I have attempted to present in these passages'**. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

## નવાં પ્રકાશનો (ગુજરાતી)

૧) **શ્રી અંબુભાઈ પુરાણીનું ચિંતન : લેખન અને પ્રકાશન : ડૉ. પારુલ કપિલરાય માંકડ,** એ-૭, સોનારિકા ઍપાર્ટમેન્સ, આઈ.આઈ.એમ.રોડ, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૪૨૮૦ ૧૮૦૩૪ ૧/૮ ડેમી સાઈઝ. પૃષ્ઠ ૮૦. સારા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી આવરણ. મૂલ્ય રૂા. ૧૦૦/-. સર્વાંગસુંદર પ્રકાશન.

વર્ષ ૨૦૦૯માં 'ગુજરાતનું તત્ત્વચિંતન', રાષ્ટ્રીય પરિસંવાદમાં પોતે વાંચેલ શોધલેખને ડૉ. પારુલ માંકડે સુધારાવધારા સાથે લઘુપુસ્તક રૂપે પ્રકાશિત કર્યો છે. સાથે શ્રી અંબુભાઈ પુરાણી કૃત અને અન્ય કૃત પુસ્તકોની સંપૂર્ણ સૂચિ પણ આપવામાં આવી છે. શ્રી અંબુભાઈ પુરાણીનું સાહિત્ય, એમનું ચિતન, પૂર્ણયોગનું એમણે કરેલું આચમન મૌલિક છે, બહુ આયામી છે. એમના સાહિત્યના આઠ પાસાંઓ વિશે વિશદ ચિંતન આ લઘુ પુસ્તિકામાં થયેલું જોવા મળે છે, એમાં શ્રી અંબુભાઈના સાહિત્યના દાર્શનિક પાસા વિશેની અભ્યાસપૂર્ણ તેમ જ સર્વગ્રાહી રજૂઆત આ લઘુ પુસ્તિકાની વિશિષ્ટતા છે. ગુજરાતી સાહિત્યમાં તથા ગુજરાતમાં શ્રી અંબુભાઈ પુરાણીની કદર પૂરેપૂરી થઈ નથી એમ પૂ.શ્રી મોટાએ પોતાના એક પત્રમાં લખી જણાવ્યું હતુંઃ

''**શ્રી અંબુભાઈની કદરભક્તિ યોગ્ય પ્રકારે ગુજરાતે હજી નથી કરી એ મારે મન એક શરમની હકીકત છે.**''

આશા છે, આ લઘુપુસ્તિકા શ્રી અંબુભાઈની કદરભક્તિની દિશામાંનું સ્તુત્ય પ્રારંભિક પગલું બની રહેશે.

***

૨) **ચૈત્ય પુરુષ : શ્રી માતાજીનું બાળક :** લેખન અને પ્રકાશન : શ્યામ માંડવિયા : 'અનિકેત' ૧, પ્રકાશ સોસાયટી, નિર્મલા કૉન્વેન્ટ સ્કૂલ સામે, રાજકોટ ૩૬૦ ૦૦૭. મો. ૯૮૨૪૦૯૭૮૬૯. પૃષ્ઠ : ૧૫૦ +૧૦. સારા કાગળ ઉપર સુંદર છાપકામ : શ્રી માતાજીની છબી સાથે આકર્ષક રંગબેરંગી આવરણ. કિંમત રૂા. ૧૦૦/-. પુસ્તક પ્રાપ્તિ માટે લેખકનો સંપર્ક કરવો.

શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીના વર્ષમાં ચૈત્ય પુરુષ વિષયક મૂળ લખાણો (અંગ્રેજી) સાથે ગુજરાતીમાં ભાવાનુવાદ કરી એ લખાણોની સમજૂતી આપવાનો પ્રયત્ન લેખકે કર્યો છે. શ્યામ માંડવિયાને આપણે એમના આ પ્રદાન બદલ અભિનંદન આપીએ.

*

**સાભાર સ્વીકાર** **(૧) નવી સદી : આનંદયુગનું પ્રભાત : હરેશ ધોળકિયા.** વિવેકગ્રામ પ્રકાશન, વિવેકાનંદ રૂરલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫. મો. ૯૮૨૫૨ ૪૩૩૫૫. ૧/૮ ડેમી સાઈઝ. પૃષ્ઠ સંખ્યા : ૯૬. રંગબેરંગી આવરણ ચિત્ર. કિંમત રૂા. ૧૨૦/-. પુસ્તક પ્રકાશક પાસેથી મેળવી શકાય. કચ્છના કૃષિ ઋષિ તરીકે જાણીતા, ગ્રામોત્થાનના પ્રણેતા અને સ્વપ્નદષ્ટા શ્રી કાંતિસેન શ્રોફ 'કાકા' ના જન્મશતાબ્દી વર્ષમાં પ્રસ્તુત પુસ્તક શતાબ્દી વંદના ગ્રંથાવલીના ભાગરૂપ પ્રકાશિત થયું છે. લેખક હરેક ધોળકિયા જાણીતા ચિંતક છે. જીવન અને આનંદ એમના ચિંતનના બે મુખ્ય પાસાંઓ છે.

*

**(૨) ગીતા : નરનારાયણ સંવાદ : મુક્તાત્મા મીમાંસા :** વિભાવના, લેખન અને સંપાદન : કાર્તિકેય ભટ્ટ : પ્રકાશક : શ્રી શ્રીમા આનંદમયી આશ્રમ, શ્રી શ્રીમા આનંદમયી માર્ગ, ભીમપુરા, ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા-૩૯૧૧૦૫. ૧/૮ ડેમી. પૃષ્ઠ : ૨૧૨, સુંદર છાપકામ, આકર્ષક આવરણ ચિત્ર. મૂલ્ય રૂા. ૧૦૦/-. પુસ્તક ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. (૧) ગીતાપ્રવેશિકા (૨) ગીતા મીમાંસા અને (૩) પરિશિષ્ટ. પ્રથમ વિભાગમાં ગીતાનો સાર, બીજામાં ગીતા વિષયક મહાન ચિંતકોના દષ્ટિબિંદુઓ તથા ત્રીજા વિભાગમાં શ્રી રમણ મહર્ષિએ ગીતાનો સનાતન તત્ત્વસાર રજૂ કરતા ૪૨ શ્લોકો રજૂ કર્યાં છે. શ્રી કાર્તિકેય ભટ્ટ 'ઋષિ સંતાન'ને અનુરૂપ ભક્તિમય જીવન જીવતાં જીવતાં સતત સર્જનકાર્યમાં રત રહે છે. એમનાં અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. ગુજરાત એમની કલમથી સુપરિચિત છે. પ્રસ્તુત પુસ્તકના વેચાણમાંથી પ્રાપ્ત થનાર ધનરાશિ શ્રી શ્રીમા આનંદમયી આશ્રમમાં જમા થશે. પુસ્તક પ્રાપ્તિ માટે તેમ જ સ્વૈચ્છિક અર્પણ માટે ઉપર્યુક્ત સરનામે સંપર્ક કરો. શ્રી કાર્તિકેયભાઈનો સંપર્ક : મો. ૯૪૨૬૬ ૩૨૯૮૪.

**(૩) નિમજ્જન :** સંશોધન-વિવેચન : ડૉ. પારૂલ કપિલરાય માંકડ. (સાહિત્ય અને સાહિત્યશાસ્ત્ર વિષયક લેખોનો સંચય) વિતરક : સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના રતનપોળ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯ - ૨૫૩૫૬૬૯૨. ૧/૮ ડેમી પૃષ્ઠ સંખ્યા : ૩૦૨. સારા કાગળ ઉપર સુંદર છાપકામ, સુઘડ બાંધણી, સુંદર આવરણ. મૂલ્ય રૂા. ૩૦૦/-.

સૂક્ષ્મદષ્ટિ પ્રાપ્ત સંશોધનકર્તા અને સુજ્ઞ વિવેચક શ્રી પારૂલ માંકડે અલંકારશાસ્ત્રના આરૂઢ વિદ્વાન ડૉ. તપસ્વી નાન્દીસાહેબનાં શ્રી ચરણે બેસી અલંકાર શાસ્ત્રનો સઘન અભ્યાસ કર્યો તેના નિચોડરૂપ એ વિષયક એમના અભ્યાસપૂર્ણ ૨૪ લેખોનો સંચય આ પુસ્તકમાં સમાવાયો છે. લેખો અભ્યાસપૂર્ણ છે અને અવગાહનની ક્ષમતા જેમણે કેળવી હોય એવા કાવ્યશાસ્ત્રીઓ માણી શકે એવાં લખાણો પુસ્તકમાં છે. અતિ સુંદર ગ્રંથ. શ્રી પારૂલ માંકડનો સંપર્ક : મો. ૯૪૨૮૦૧૮૦૩૪.

*

બાળક : 'સાવિત્રી'માં 'સંતાપોની માતા' કહે છે :

છેલ્લી નિદ્રામહીં જ્યારે જશે ડૂબી જગત્ તદા કદાચ
હું ય પોઢીશ મૂક શાશ્વત શાંતિમાં.

(સાવિત્રી, પર્વ ૭, સર્ગ ૪)*

શ્રી માતાજી : આહ ! આ તો માનવની ચેતના છે. એ માનવની ચેતના છે. આ તો માનવની ચેતનાનો ખ્યાલ છે કે જ્યારે સૌ વેદનાઓનો અંત આવશે ત્યારે, 'હું નિદ્રા લઈશ.' શ્રી અરવિન્દ ખાસ આ વસ્તુની જ વાત કરે છે. જ્યારે કોઈ વ્યક્તિમાં કોઈ પરમ શાંતિ માટેની અભીપ્સા હોય છે ત્યારે એને એમ લાગે છે કે જો પ્રલય થઈને આખું જગત વિલીન થઈ જાય તો, છેવટે શાંતિ તો મળે. પરંતુ એ વાક્ય જ વદતો-વ્યાઘાત સરખું છે, કારણ કે જો પ્રલય જ થાય તો પછી શાંતિ અનુભવવાપણું જ બાકી ન રહે! કશું જ બાકી ન રહ્યું હોય!

પરંતુ માનવચેતનામાં રહેલા પરસ્પર વિરોધી ભાવોમાંનો આ પણ એક છેઃ 'જ્યાં લગી આ જગત છે અને એમાં વેદના છે ત્યાં સુધી હું પણ જગતની સાથે દુઃખ ભોગવીશ. પરંતુ જ્યારે પણ જગતનો શાંતિમાં પ્રવેશ થશે, અ-સત્‌માં વિલય થઈ જશે, ત્યારે મને પણ આરામ મળશે.' જગતમાં જ્યાં લગી વેદનાનું અસ્તિત્વ છે ત્યાં સુધી હું પણ તેની સાથે દુઃખ અનુભવીશ એમ કહેવાની આ કાવ્યમય રીત છે - કેવળ જ્યારે એનું અસ્તિત્વ મટી જશે ત્યારે એ મારે માટે પણ મટી ગયું હશે.

બાળક : ત્યારે પછી પેલી કરુણાની દેવી શું કરશે? એ બીજું શું કરી શકે?

શ્રી માતાજી : એ આનંદની દેવી બની જશે.

બાળક : સાવિત્રી, મા ભગવતીની ચેતનાની પ્રતિનિધિ છે, ખરુંને?

શ્રી માતાજી : હા.

બાળક : સત્યવાન કોનો પ્રતિનિધિ છે?

શ્રી માતાજી : એ તો અવતાર છે, નહિ? એ તો પરમ સ્વરૂપનો આવિર્ભાવ છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃષ્ઠ - ૫૨૦થી ૫૨૩)

* મૂળ અંગ્રેજી ઉપરથી શ્રી પૂજાલાલે કરેલો કાવ્યાનુવાદ. સાભાર ઉદ્‌ધૃત.

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૯ : અંક ૦૧)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**